ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાની કામગીરી માટે ક્ષેત્રીય કચેરીઓમાં આઉટસોર્સીંગથી ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ લેવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:- WCDD/WOW/e-file/23/2022/1171/A

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) વિભાગનો તા.૨૮/૦૪/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:મસય/૨૧૨૦૨૧/૫૨૮૭૨/અ

(૨) વિભાગનો તા.૩૧/૦૫/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:મસય/૨૧૨૦૧૯/૨૬૯૮૭૧/અ

(૩) વિભાગનો તા.૩૧/૦૧/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: WCDD/WOW/e-file/23/2022/1483/A

(૪) નિયામકશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૧/૧૦/૨૦૨૫નો પત્ર ક્રમાંક: WCDWW/0421/0421/09/2025

**આમુખ:**

આ વિભાગ હસ્તકની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાની કામગીરી માટે ફક્ત આઉટસોર્સિંગ એજન્સી મારફત માનવબળની સેવાઓ લેવા માટે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના ઠરાવથી કુલ ૫૧ ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યાઓ તથા વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના ઠરાવથી ૨૭૭ ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યાઓ મળી કુલ ૩૨૮ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ(૩) પરના ઠરાવથી આ જગ્યાઓની મુદ્દત લંબાવવામાં આવેલ હતી. નિયામકશ્રી (મહિલા કલ્યાણ), કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક (૪)ના પત્રથી આ ૩૨૮ જગ્યાઓની મુદ્દત લંબાવી આપવા વિનંતી કરેલ છે. પ્રસ્તુત મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

ગંગા સ્વરૂપા મહિલાઓને આર્થિક સહાય યોજનાની કામગીરી માટે રાજ્યની મામલતદાર કચેરીઓ/ નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નર મહિલા અને બાળ વિકાસ કચેરી હસ્તકની ક્ષેત્રીય કચેરીઓ માટે નીચે મુજબની માનવ સેવાઓ તેની સામે કોલમ નં ૫ માં દર્શાવ્યા તારીખથી વધુ ૧૧ માસ માટેમાન્ય આઉટસોર્સિંગ એજન્સી મારફત લેવા માટે, કોલમ નં.૬ મુજબ માસિક વેતન રૂ.૧૫,૦૦૦ (અન્ય ચાર્જિસ સિવાય) ચૂકવવાની આથી મંજુરી આપવામાં આવે છે. આ અંગેનો ખર્ચ સંબંધિત સેવાઓ સામે કોલમ ૪ માં દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| ક્રમ | જગ્યાનુ નામ | મંજુર જગ્યા | બજેટ સદર | નીચેની તારીખથી ૧૧ માસ માટે | માસિક વેતન |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | કોમ્પ્યુટર ઓપરેટર | ૨૬૭ | ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૦૪ | તા.૦૬/૧૧/૨૦૨૫ | રૂ.૧૫,૦૦૦/- પ્રતિ માસ (અન્ય ચાર્જિસ સિવાય) |
| | | ૧૦ | ૯૬-૨૨૩૫-૦૨-૭૯૬-૦૬ | | |
| ૨. | કોમ્પ્યુટર ઓપરેટર | ૫૧ | ૯૬-૨૨૩૫-૦૨-૭૯૬-૦૬ | તા.૦૨/૧૨/૨૦૨૫ | |
| કુલ | ૩૨૮ | | | | |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૬ / ૧૨ /૨૦૨૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયદીપ પટેલ

સેકશન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં. ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : Jaydeep Patel
Section Officer
Women and Child Development Department
Date : 2026.01.01 14:22:40 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by : Jaydeep Patel
Section Officer
Women and Child Development
Department
Date : 2026.01.01 14:22:40 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign